# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **ગુજરાત રાજભવનનું નામ બદલાયું, હવેથી ગુજરાત ‘ લોકભવન' તરીકે ઓળખાશે**
2. **આજે ગાંધીનગરમાં મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીની 187મી બેઠક યોજાશે.**
3. **નવેમ્બર-2025 સુધીમાં નવ ટકાના વધારા સાથે રાજ્યની જીએસટીની 52 હજાર 390 કરોડની આવક**
4. **અમદાવાદના વાડજમાંથી ક્રાઇમ બ્રાંચે 35 લાખ રૂપિયાના ડ્રગ્સ સાથે દંપતીની ધરપકડ કરી.**
5. **અમદાવાદમાં યોજાયેલી ગુજરાત ઓપન ઈ-સ્પોર્ટ્સ ચેમ્પિયનશિપના છ ટાઇટલમાં વિજેતાઓને રોકડ ઇનામ અપાયું.**
6. **આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડીમાં વધારો થવાની શક્યતા નહીવત્.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# GUJARAT LOKBHAVAN

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કેન્દ્ર સરકારના માર્ગદર્શનના અનુસંધાનમાં એક મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કર્યો છે. જેના ભાગરૂપે ગુજરાત રાજભવનનું નામ હવે સત્તાવાર રીતે 'લોક ભવન' રાખવામાં આવ્યું છે. આ પગલું લોક ભવનને વધુ જનસંપર્કક્ષમ, પારદર્શક અને લોકોના કલ્યાણને અર્પિત બનાવવાના ઉદ્દેશ સાથે જનચેતનાની નવી દિશા રજૂ કરે છે.

'લોક ભવન' તરીકે ઓળખાતું આ ભવન હવે માત્ર રાજ્યપાલનું નિવાસસ્થાન કે કાર્યાલય પૂરતું જ નથી, પરંતુ રાજ્યના નાગરિકો, સમાજના વિવિધ વર્ગો, વિદ્યાર્થીઓ, સંશોધકો, કૃષિકારો અને નાગરિક સંગઠનો સાથે સંવાદ અને સહભાગીતાનું જીવંત કેન્દ્ર બની રહેશે.

---

# BANKERS MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીની **187**મી બેઠક આજે સવારે **10:15** કલાકે સ્વર્ણિમ સંકુલ-**1**ના નર્મદા હોલમાં ગાંધીનગર ખાતે યોજાશે. આ બેઠક કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓને બેંકો દ્વારા અપાતા ધિરાણ સહાય તથા ફ્લેગશીપ પ્રોગ્રામ્સમાં બેંકોના પરફોર્મન્સની સમીક્ષા તથા સુઝાવો માટે સમયાંતરે યોજવામાં આવતી હોય છે.

મંગળવારે યોજાનારી **S.L.B.C.**ની બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ મનોજકુમાર દાસ તથા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના એક્ઝિક્યુટિવ

ડિરેક્ટર સોનાલી સેન ગુપ્તા અને વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકોના વરિષ્ઠ મેનેજરો, અધિકારીઓ સહભાગી થશે.

2025ના નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં શ્રેષ્ઠતમ દેખાવ કરનારા 3 લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરનું બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ટ્રોફી અને પ્રમાણપત્રથી સન્માન કરાશે.

---

## GST INCOME

ગુજરાત સરકારના રાજ્ય કર વેરા વિભાગને ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન નવેમ્બર સુધીમાં કુલ રૂપિયા 52 હજાર 390 કરોડની આવક થઇ છે જે ગત નાણાકીય વર્ષના આ સમયગાળા દરમિયાન થયેલ કુલ આવકની તુલનામાં 9 ટકા વધારે આવક થઈ છે.

નવેમ્બર-2025 સુધીમાં ગુજરાત રાજ્યને જીએસટી હેઠળ 52 હજાર 390 કરોડની આવક થયેલ છે. જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક 48 હજાર 85 કરોડ કરતા 9 ટકા વધુ આવક થઈ છે.

નવેમ્બર-2025માં ગુજરાત રાજ્યને જીએસટી હેઠળ 6 હજાર 723 કરોડની આવક થયેલ છે, જે નવેમ્બર-2024માં થયેલ આવક 6 હજાર 655 કરોડ કરતાં 1 ટકા વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, નવેમ્બર-2025માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ 0.7 ટકા રહેલ છે.

રાજ્યને નવેમ્બર-2025માં વેટ હેઠળ 2 હજાર 707 કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ એક હજાર 25 કરોડ અને વ્યવસાય વેરા હેઠળ 14 કરોડની આવક થયેલ છે.

આમ, રાજ્ય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ 10 હજાર 469 કરોડની આવક થયેલી છે.

---

## VADODARA SARDAR YATRA

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણીના ભાગરૂપે આયોજિત 'સરદાર@150 યુનિટી માર્ચ'ના છઠ્ઠા દિવસે વડોદરા જિલ્લાના પ્રખ્યાત ત્રિ-મંદિર ખાતે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મંત્રી અર્જુન મોઢવાડિયા જોડાયા હતા. તેમણે ત્રિમંદિરથી મેનપૂરા સુધી લગભગ ૧૩ કિલોમિટરની પદયાત્રા કરી સરદાર પટેલનો સંદેશ પ્રસારાવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે સરદાર સ્મૃતિ વનમાં વૃક્ષારોપણ કર્યું હતું. સરદાર સાહેબે ભારતમાં વિલીનીકરણ કરેલા 562 રજવાડાઓના પ્રતીક રૂપે આ સ્મૃતિ વનમાં એકસાથે 562 વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું, જે રાષ્ટ્રીય એકતાના સંદેશને વધુ મજબૂત બનાવે છે.

## બાઇટ- હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

વડોદરા જિલ્લાના મેનપૂરા ખાતે પહોંચેલી સરદાર @150 એકતા પદયાત્રા દરમિયાન યોજાયેલી સરદાર ગાથામાં ‘કાશ્મીર, હૈદરાબાદ અને સરદાર ’ વિષય ઉપર પ્રકાશ પાડતા જમ્મ-કાશ્મીરના રાજ્યપાલ મનોજ સિંહાએ જણાવ્યું કે ,જો તે સમયે જમ્મુ-કાશ્મીરની જવાબદારી સરદાર પટેલ પાસે હોત , તો કદાચ છ દાયકાથી પણ વધુ સમય સુધી આ સમસ્યા બની ન રહેતી જે ત્યાંના લોકોએ વેઠી છે.

---

# AHMEDABAD DRUGS

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચે વાડજમાં રહેતા એક દંપતીની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંચને દંપતીના વાડજના ભાડાના મકાનમાંથી 35 લાખ 77 હજાર રૂપિયાથી વધુનો **357.750** ગ્રામ **MD** ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ 36 લાખ 40 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

બંનેની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આ પતિ-પત્ની છેલ્લા ત્રણ મહિનાથી શહેરમાં છૂટક ગ્રાહકોને એમ.ડી. ડ્રગ્સનો જથ્થો વેચી રહ્યા હતા. આ સમગ્ર ગેરકાયદે પ્રવૃત્તિમાં પકડાયેલી મહિલાનો મુખ્ય રોલ સામે આવ્યો છે.

## (બાઈટ – ભરત પટેલ, ડીએસપી)

---

# GEETA JAYANTI STATE CELEBRATION

રાજ્યસહિત દેશભરમાં ગીતા જ્યંતિની ઉજવણી કરાઈ. જેના ભાગરૂપે રાજકોટની આત્મીય વિદ્યાલય ખાતે ભગવત ગીતાનું પૂજન, શ્લોગકન તેમજ ગીતા ગ્રંથ પ્રદર્શની, ગીતા શ્લોકાંત સમીક્ષા સહિત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

પાટણ જિલ્લા શિક્ષણ અધિકારીની અધ્યક્ષતામાં ગીતા જ્યંતિની ઉજવણી કરી. કાર્યક્રમ દરમિયાન સંસ્કૃત ગ્રંથોનું આકર્ષક પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગીતા મંદિરમાં ગીતાજીના પાઠ કરી ગીતા જ્યંતિની ઉજવણી કરવામાં આવી. જેને લઈ સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજક વિજયસિંહ ચાવડાએ આ મુજબ જણાવ્યું ...

**(બાઈટ-વિજયસિંહ ચાવડા, જનરલ મેનેજર સોમનાથ ટ્રસ્ટ)**

મહેસાણા મામલતદાર કચેરી ખાતે ગીતા જ્યંતિની ઉજવણી  કરાઈ આ સાથે ધારાસભ્ય મુકેશ પટેલની ઉપસ્થિતિમાં નવીન જનસેવા કેન્દ્રનું લોકાર્પણ કરાયું.

મહીસાગરના લુણાવાડાની કિશાન માધ્યમિક વિદ્યાલય   અને બોડેલી ખાતે શેઠ શ્રી એચ એચ શિરોલાવાલા હાઈસ્કૂલ ખાતે ગીતા જયંતિ મહોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગને લઈ અધ્યાપક રાજેશ કગરાણાએ વધુ માહિતી આપી.

**(બાઈટ- પ્રો રાજેશ કગરાણા અધ્યાપક )**

આ સાથે જ જૂનાગઢ   , કચ્છ,  સહિત અનેક જિલ્લાઓની અંદર અને શાળાઓમાં ગીતા જ્યંતિના અવસરે ગીતાજીના પાઠ કરી ઉજવણી કરવામાં આવી.

---

---------

## E SPORTS CHAMPIONS

ગુજરાતની પ્રીમિયર ઈ-સ્પોર્ટ્સ સ્પર્ધાઓમાંની એક, ગુજરાત ઈ-સ્પોર્ટ્સ ઓપન ચેમ્પિયનશિપ ૨૦૨૫ની ગ્રાન્ડ ફાઇનલ અમદાવાદના કર્ણાવતી ક્લબ ખાતે યોજાઇ હતી.

આ ચેમ્પિયનશિપનો 19 ઓક્ટોબરના રોજ ઓનલાઈન નોંધણી તબક્કાની સાથે પ્રારંભ થયો હતો. જેમાં ગુજરાતમાંથી બે હજાર ૩૨૮  ખેલાડીઓએ નોંધણી કરાવી હતી. જેમાં છ ગેમ ટાઇટલમાં ભાગ લીધો હતો, ઓનલાઈન રાઉન્ડ, ક્વાર્ટર ફાઇનલ અને સેમિફાઇનલ સહિતની કઠોર ક્વોલિફિકેશન પ્રક્રિયાને અનુસરીને, કુલ 120 ટોચના ફાઇનલિસ્ટોએ LAN ફાઇનલ્સમાં પોતાનું સ્થાન મેળવ્યું હતું.

**છ ટાઇટલમાં વિજેતા તમામ ચેમ્પિયનનું સન્માન કરીને 3 લાખનું સંચિત રોકડ ઇનામ એનાયત કર્યું હતું. આ પ્રસંગે ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએસનના પ્રમુખ ગગન નારંગે કહ્યું હતું કે આવી સ્પર્ધાઓ ઇ સ્પોર્ટસને પ્રોત્સાહિત કરે છે.**

---

# STATE WEATHER

રાજ્યમાં આગામી સાત દિવસ ઠંડીમાં વધારો થવાની શક્યતા નહીંવત્ છે. હવામાન વિભાગની યાદી મુજબ , આ સમયગાળા દરમિયાન રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે. બીજી તરફ , રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતાં 15 ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે દીવ , જુનાગઢનું કેશોદ અને કચ્છનું નલિયા સૌથી ઠંડા શહેર રહ્યા છે.

જ્યારે અમદાવાદ, ભાવનગર, પોરબંદર અને વલ્લભ વિદ્યાનગરમાં લઘુત્તમ તાપમાન 18 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

---